# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ :–** (૧) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરનો તા.૧૮–૦૯–'૧૧ નો પત્ર ક્રમાંક :
કગટ/ક–૩/૧૧–૧૨/૧૮૫૦૮ – ૨૧.
(૨) સિન્ડિકેટ તા.૧૦–૧૨–'૧૫ ની સભાના ઠરાવ નં. ૨૬.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ–૧ પરનાં સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના પત્રની વિગતે સરકારી કોલેજો ધ્વારા જોડાણ સમયે જોડાણ ફી ભરવાની થાય ત્યારે કેટલાક વહિવટી પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાના કારણે તેમજ જોડાણની શરત અનુસાર જમા કરાવવાની થતી એફ.ડી.આર. સમયે ઉપસ્થિત થતા પ્રશ્નોને ધ્યાને લઈ સરકારી કોલેજને જોડાણની શરતો અનુસાર જમા કરાવવાની થતી એફ.ડી.આર. માંથી મૂક્તિ આપવામાં આવે છે તેમજ સરકારી કોલેજોના જોડાણ માટે કે બીજા વર્ષના જોડાણ માટેની ફી જતી કરવા કરેલ વિનંતી અન્વયે સંદર્ભ–૨ પરની સિન્ડિકેટમાં ઠરાવ નં. ૨૬ માં થયેલ ઠરાવ અનુસાર હવેથી રાજય સરકારશ્રીની કોલેજો (સરકારી કોલેજો) પાસેથી નવા / વધારાનાં / ચાલુ / કાયમી જોડાણ માટે કોઈ ફી લેવાની રહેશે નહિ તેમ ઠરાવ થયેલ છે, પરંતુ **સરકારી કોલેજોમાં સ્વ–નિર્ભરતાના ધોરણે કોઈ અભ્યાસક્રમ ચાલતો હોય તો તેવા અભ્યાસક્રમો માટે ઓર્ડિનન્સ–૧૪૪ અનુસાર જોડાણ ફી ભરવાની રહેશે.**

સિન્ડિકેટમાં થયેલ ઠરાવ અનુસાર સરકારી કોલેજો ધ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ થી આગળના જોડાણ માટે ઓર્ડિનન્સ–૧૪૪ માં દર્શાવેલ તારીખ મુજબ જોડાણ અરજી પાંચ નકલમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે કરવાની રહેશે પરંતુ જોડાણ ફી જમા કરાવવાની રહેશે નહિ, જે વિદિત થાય.

કુલસચિવ

નં. જોડાણ/૨/૩૬૪૧/'૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૨૭/૦૧/'૧૬

**પ્રતિ,**
- યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...
  (જાણ તથા કાર્યવાહી અર્થે...)

**નકલ રવાના :–**
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
- કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...